# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૫ તા.૧૭-૦૬-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- શાળા વ્યવસ્થાપન સમિતિની પુનઃ રચના કરવા બાબત.

સંદર્ભ :- નં.એસએસએ/કોમ્યુ.મોબી./૨૦૨૧/૧૮૪૧૭-૧૨૫૬૬ તા.૧૫-૦૬-૨૦૨૧

આથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, રાઈટ ટુ એજયુકેશન એકટના સેકશન-૨૧ મુજબ તમામ પ્રાથમિક શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિ(SMC)ની રચના કરવામાં આવેલી છે. આર.ટી.ઈ.રૂલ્સ ૧૬(૧) માં જણાવ્યા અનુસાર શાળા વ્યવસ્થાપન સમિતિ(SMC)ની દર બે વર્ષે પુનઃ રચના કરવાની થાય છે. જૂન-૨૦૨૦/૨૧માં કોરોના મહામારીના કારણે શૈક્ષણિક સત્ર ઓનલાઈન માધ્યમથી શરૂ કરેલ હોવાથી શાળા વ્યવસ્થાપન સમિતિ(SMC)ની પુનઃ રચના કરવામાં આવેલ નથી. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માં (વર્ષ-૨૦૨૨,૨૦૨૩ માટે) પુનઃ રચના કરવાની થાય છે. જે અંગે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ શાળા વ્યવસ્થાપન સમિતિ(SMC)ની પુનઃ રચના કરવા જણાવવામાં આવે છે.

- શાળા વ્યવસ્થાપન સમિતિ(SMC)માં ૭૫% (૯ સભ્યો) શાળામાં અભ્યાસ કરતા બાળકોના માતા-પિતા કે વાલીઓમાં જે વાલી એક વખતના કાર્યકાળમાં સભ્ય બની ચૂકયા છે તે વાલી પુનઃ રચનામાં પુનઃ નિયુક્તિ ન મેળવી શકે તેવું આયોજન કરવું.
- શાળા વ્યવસ્થાપન સમિતિ(SMC)માં એક સભ્ય સ્થાનિક શિક્ષણવિદ્‌માં નિવૃત્ત આચાર્ય અથવા શહેરના વતની હોય તેવા સરકારી અધિકારી કે જેઓ નિવૃત્ત હોય અથવા તેઓની સર્વિસ ચાલુ હોય તેઓને શિક્ષણવિદ્‌ તરીકે લેવાય તેમ આયોજન કરવું.
- શાળામાં વાલી સભા યોજી મુખ્ય શિક્ષકશ્રી દ્વારા શાળા વ્યવસ્થાપન સમિતિ(SMC)ની પુનઃ રચના માટે વાલી મિટીંગનું આયોજન કરવું અને વાલી મિટીંગ માટે એક સપ્તાહ અગાઉ વાલીઓને જાણ કરવાની રહેશે તેમજ પુનઃ રચના માટે મળેલ વાલી મિટીંગની કાર્યવાહી નોંધ તૈયાર કરવાની રહેશે.
- ઉપરોકત તમામ બાબતોમાં કોવિડ-૧૯ની ગાઈડ લાઈનનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

તમામ શાળાઓમાં પુનઃ રચના થયા બાદ સી.આર.સી.કો.ઓ. તેના હસ્તકની તમામ શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિ(SMC)ની નિયમોનુસાર પુનઃ રચના થયેલ છે. તે અંગેનું પ્રમાણપત્ર યુ.આર.સી.કો.ઓ.ને આપે યુ.આર.સી.કો.ઓ. તેના ઝોનની તમામ શાળાઓની પુનઃ રચના થયેલ છે. તેવું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

તા. ૧૭-૦૬-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી